# આચાર્ય તરીકે ધીરુભાઈ ઠાકર

કનુ પરમાર

ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે સંપાદક, વિવેચક, ચરિત્રકાર, નિબંધકાર, અનુવાદક, નાટ્યકાર અને ગુજરાતી સાહિત્યના ઇતિહાસના આલેખક એવા ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં અનોખુ પ્રદાન રહ્યું છે. જન્મ ૨૭ જૂન ૧૯૧૮, અવસાન ૨૪ જાન્યુઆરી ૨૦૧૪. આશરે ૯૬ વર્ષ જેટલું દીર્ઘ આયુષ્ય ધરાવનાર ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ: સાહિત્યસાધના (૧૯૫૬, ૨૦૦૫), રસ અને રુચિ (૧૯૬૩), સાંપ્રત સાહિત્ય (૧૯૬૮), પ્રતિભાવ (૧૯૭૨), વિભાવિતમ (૧૯૮૩), મણિલાલ નભુભાઈ (૧૯૮૦), મણિલાલ દ્વિવેદી (૧૯૮૩), નાટ્યકળા (૧૯૮૫), રંગમાધુરી (૨૦૦૦), શબ્દ અને સંસ્કૃતિ (૨૦૦૨), શબ્દનું સખ્ય (૨૦૦૭), કેટલાક સાહિત્યિક વિવાદો (૨૦૧૧) તેમજ ગાંધીજી અને પાંચ સાક્ષરો (૨૦૧૨) એમ બાર જેટલા વિવેચન સંગ્રહો, ગુજરાતી સાહિત્યની વિકાસરેખાના ૧ થી ૫ ભાગ (૨૦૦૫-૨૦૧૧) ઊંચો પર્વત, ઊંડી ખીણ (૧૯૯૩), બે બાળનાટકો (૧૯૯૮)એમ બે નાટકો, પરંપરા અને પ્રગતિ (૧૯૮૦), સ્મરણમાધુરી (૧૯૯૧) જીવનચરિત્રને લગતા પુસ્તકો. સફર સો દિવસની (૧૯૭૭), સફરમાધુરી (૨૦૦૪) પ્રવાસ વર્ણનને લગતા પુસ્તકો, સુદર્શન અને પ્રિયંવદા (૧૯૬૬), જ્ઞાનસુધા, સમાલોચક (૧૯૮૮), ની સૂચિ, સત્યની મુખોમુખ (૨૦૧૦) અનુવાદ, સાત જેટલા નિબંધ સંગ્રહો તેમજ સત્તાવીસ જેટલા સંપાદનો કરેલા છે. સાહિત્યમાં અનેકવિધ ક્ષેત્રોમાં કરેલા ખેડાણને કારણે ધીરુભાઈ ઠાકરનું નામ ગુજરાતી સાહિત્યમાં અવિસ્મરણીય રહેશે. પણ મારે અહીં વાત કરવી છે આચાર્ય તરીકે તેમણે શિક્ષણના ક્ષેત્રે કરેલા પ્રદાન વિશે.

આચાર્ય ધીરુભાઈ ઠાકરની વ્યવસાયિક કારકિર્દીની શરૂઆત થાય છે ૧ જાન્યુઆરી ૧૯૪૦ માં મુંબઈની ચર્ની રોડ પર આવેલી ચિલ્ડ્રન એકેડેમીમાં શિક્ષક તરીકે નિયુક્ત થાય છે ત્યારથી. અહીં તેઓ ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને મેટ્રિકના વર્ગ શિક્ષક તરીકે કાર્યરત હતાં. સાથે મુંબઈમાં જ એલ્ફિન્સ્ટન કૉલેજમાં પાર્ટ ટાઈમ ગુજરાતી વિષયના વ્યાખ્યાતા તરીકે પણ ફરજ બજાવે છે. ચિલ્ડ્રન એકેડેમી જેવી શિક્ષણસંસ્થામાં જોડાવાની સાથે જ શાળાના મુક્ત અને પંચરંગી વાતાવરણે તેમનામા સર્જનાત્મક શક્તિ સંકોરી હતી. આથી શાળામાં તેઓ જે વર્ષે જોડાયા તે જ વર્ષે બાળકો માટે ‘લાલનો ગુલામ’ નાટક તૈયાર કરીને વિદ્યાર્થીઓ પાસે ભજવાવ્યું  હતું. જેની નોંધ ‘ટાઈમ્સ ઓવ ઈન્ડિયા’એ લીધેલી અને નાટકના પ્રયોગની ભરપૂર પ્રશંસા કરેલી. આથી જ બીજા જ વર્ષે તેમણે ‘ધરતીનો ધણી’ નાટકનું વસ્તુ પોતાની રીતે ઉપજાવી કાઢી એજ શાળાના વિદ્યાર્થીઓ પાસે ભજવડાવ્યું હતું અને તે પ્રયોગ પણ સફળ રહ્યો હતો. આચાર્ય ધીરુભાઈ ઠાકરને શાળામાં આ નાટકોના પ્રયોગ પછી શિક્ષણ, સાહિત્ય અને નાટ્ય પરસ્પર સંકળાયેલા છે તેની પ્રતીતિ તેઓને થઈ હતી. તેમજ આ નાટકોએ જ તેમનો સાહિત્યજગતમાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યારપછી ઠાકરસાહેબ ઈ.સ. ૧૯૪૧ માં અમદવાદની જાણીતી ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવે છે અને ૧૯૬૦ સુધી એટલે કે અઢાર વર્ષ સુધી અધ્યાપન કાર્ય કરાવે છે. વચ્ચે ૧૯૫૩-૫૪ માં તેમની બદલી મુંબઈની ઈસ્માઈલ યૂસુફ કૉલેજમાં થઈ હતી તેને બાદ કરતાં ગુજરાત કૉલેજમાં તેઓએ અધ્યાપન કાર્યની સાથે અનેકવિધ નાટ્યપ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કર્યું હતું.

મુંબઈ સરકારે સન ૧૯૫૯ માં દ્વિભાષી મુંબઈ રાજ્યના ગુજરાતી અને મરાઠી લેખકો માટે પ્રવાસનું આયોજન કર્યું હતું તેમાં અનેકવિધ સર્જકોની સાથે ધીરુભાઈ અને રમણલાલ સોની પણ જોડાયા હતાં. તેમણે ધીરુભાઈને મોડાસામાં નવી શરૂ થતી કૉલેજમાં આચાર્ય તરીકે જોડાવા કહ્યું તે મુજબ મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળે સરકાર પાસેથી ધીરુભાઈની બે વર્ષ ઉછીની સેવાઓ લઈ સન ૧૯૬૦ માં આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસાના સ્થાપક આચાર્ય તરીકે જોડાય છે. બાર વર્ષ સુધી એક્સટેન્શન રૂપે ત્યારબાદ સન ૧૯૭૨ માં સરકારી કૉલેજમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ મંડળ સાથે છ વર્ષના કૉન્ટ્રાકથી મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકે કાર્યરત રહ્યા હતાં. સામાન્ય રીતે એવું કહેવાય છે કે એક શિક્ષક આચાર્ય બન્યા પછી શિક્ષક તરીકેની પોતાની સજ્જતા ગુમાવે છે. પરંતુ ધીરુભાઈ તેમાં અપવાદરૂપ છે. મોડાસા કૉલેજમાં અઢાર વર્ષ સુધી આચાર્ય તરીકે સેવા આપી હતી કહો કે જીવનના બે દાયકા જેટલો સમય મોડાસા કૉલેજના નિર્માણમાં તેઓએ અર્પણ કર્યો હતો. એ અરસામાં સેલ્ફ ફાયનાન્સ મોડાસા કૉલેજ કેમ્પસનો જે વિકાસ તેમણે કર્યો હતો તે તો તોબા જ. શરૂઆતમાં આર્ટ્સ, સાયન્સથી શરૂ થયેલી પાછળથી આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, એજ્યુકેશન અને લૉ એમ પાંચ વિદ્યાશાખાનો વિસ્તાર થયો હતો જેના મૂળ ઠાકરસાહેબના આચાર્ય તરીકેના કુશળ સંચાલનમાં પડેલા છે. કૉલેજના શરૂઆતના દિવસોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એકત્ર કરવા પછાત ગામડાઓમાં જાતે જઈ ફરવું, વાલીઓ અને તેમના બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવવું તેમજ કૉલેજનું શિક્ષણ લેવા અનુરોધ કરવો આથી મોડાસા કૉલેજમાં પ્રથમ વર્ષમાં જ વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર રીતે વધારો થયો હતો. જેમાં તેમની આચાર્ય તરીકેની કુશળ વહીવટકર્તાની જ દેણ હતી. મોડાસા કૉલેજમાં જીવનના બે દાયકા જેટલા સમયગાળા દરમ્યાન તેમણે ગ્રંથાલયો, પ્રયોગશાળા, મ્યુજીયમ, ઓડિટોરિયમ,

જીમનેશિયમ, લેંગ્વેજ લેબોરેટરી અને માર્ગદર્શન કેન્દ્ર જેવા અનેક શિક્ષણ કેન્દ્રો વડે તેમણે મોડાસા કૉલેજ કેમ્પસને શોભવ્યું હતું. ગુજરાત રાજ્યની કોઈપણ યુનિવર્સિટીએ માર્ગદર્શન કેન્દ્ર કે લેંગ્વેજ લેબોરેટરી વિશે સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું ત્યારે એ સમયમાં ધીરુભાઈએ મોડાસા કૉલેજમાં ઊભા કર્યા હતાં. મોડાસા કૉલેજમાં તેઓએ અધ્યાપન કાર્યની સાથે અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અમલમાં મૂકી હતી. જેમાં ફિશપોન્ડ, રંગલોક, શબ્દલોક, લલિતકળા મંડળ, નાટ્ય સંગીત અને રમતગમત જેવી અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિને દિશા અને આકાર આપવાના પ્રયત્નો કર્યા હતાં. 'વિદ્યા-વિસ્તાર વ્યાખ્યાનમાળા' જેવી યોજના અમલમાં મૂકી ઉચ્ચશિક્ષણનો લાભ સમાજ અને ગામડાને મળે એમ તેવો ઇચ્છતા હતાં. વિદ્યાર્થીઓના સર્જન કૌશલ્યને વિકસાવવા કૉલેજમાંથી 'માજુમ' નામનું મુખપત્ર પણ શરૂ કરાવ્યુ હતું જે વર્ષના અંતે બહાર પડતું હતું. કોઈ યુનિવર્સિટીને વિચાર પણ ન આવ્યો હતો ત્યારે તેમણે વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્રમાં રાખીને મોડાસા કૉલેજમાં ટૂંકા ગાળાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની જોગવાઈ કરીને ઠાકરસાહેબ એક દ્રષ્ટા પુરવાર થયા હતાં. એ સમયગાળામાં આંતર યુનિવર્સિટી મહોત્સવ જે તે યુનિવર્સિટીમાં જ ઉજવાતો પણ ધીરુભાઈના પ્રયત્નથી સન ૧૯૬૫ માં સમગ્ર યુનિવર્સિટી રમત-ગમત સ્પર્ધા તેમજ સન ૧૯૭૦ માં યુનિવર્સિટી યુવક મહોત્સવ મોડાસા કૉલેજ કેમ્પસમાં યોજાયો હતો. આમ, ધીરુભાઈ ઠાકરે અઢાર વર્ષમાં આચાર્ય તરીકેની કારકિર્દીમાં અનેક શૈક્ષણિક પ્રયોગો કરીને મોડાસા કૉલેજ કેમ્પસને ધમધમતું કર્યું હતું. આથી જ તેમણે નિર્માણ કરેલું મોડાસા કૉલેજનું કેમ્પસ 'ધીરુભાઈ ઠાકરના કમ્પા' તેમજ 'ઠાકરસાહેબનું રજવાડું' તરીકે ઓળખાતું હતું. તેમજ ઉમાશંકર જોષીએ મોડાસા કૉલેજ કેમ્પસની મુલાકાત દરમિયાન કુલપતિ પદેથી ઉચ્ચારતા મોડાસા કૉલેજ કેમ્પસને 'ઉત્તર

ગુજરાતનું ઓક્સફર્ડ' કહીને નવાજયું હતું. એના કારણમાં ધીરુભાઈ જેવા વિદ્વાન, દ્રષ્ટા અને ખંતીલા આચાર્ય રહેલા હતાં. તેમની પ્રેરક નેતૃત્ત્વની છાયામાં મોડાસા કૉલેજ કેમ્પસ લગભગ બે દાયકા સુધી કાળજીભરી માવજત પામ્યું હતું તેમાં તેમણે પસંદ કરેલા અધ્યાપકોનો ખૂબ સહકાર મળ્યો હતો. અધ્યાપકોની સજ્જત્તા વધારવા માટે તેમણે વિદ્યા-વર્તુળ જેવી પ્રવૃત્તિ અમલમાં મૂકી હતી જેમાં વેકેશન દરમિયાન ઓછામાં ઓછા પંદર દિવસ ગ્રંથાલયમાં સ્વાધ્યાય કરે જેનો લાભ વિદ્યાર્થીઓ અને સમાજને આપે. કારણ કે તેમનું માનવું હતું કે, *"કોઈ પણ શિક્ષણસંસ્થાનું હ્રદય તેના વિદ્યાર્થીઓ છે. અધ્યાપકો તેનું બુદ્ધિતંત્ર છે. પુસ્તકાલય અને પ્રયોગશાળા તેના ફેંફસા, મેનેજમેન્ટ તેના હાથપગ અને આચાર્ય તો તેનું મુખ માત્ર ગણાય. આ સૌનો સુમેળ સાધીને તેના આત્મારૂપ વિદ્યાને પ્રસન્ન ન કરી શકે તો તે આચાર્ય નિષ્ફળ ગયો ગણાય એમ હું માનું છું. વિદ્યાવિતરણના સમગ્ર પુરુષાર્થમાં અધ્યાપકનું નેતૃત્વ મહત્વનુ ગણાવું જોઈએ." (સ્મરણમાધુરી પૃ-૧૮)* **આ મંતવ્યને તેમણે પોતાની આચાર્ય તરીકેની કારકિર્દીમાં ચરિતાર્થ કરી બતાવ્યું હતું. કેળવણીના માધ્યમ દ્વારા આ પ્રદેશની કાયાપલટ કરવામાં ધીરુભાઈએ અનોખો પુરુષાર્થ કર્યો હતો આથી જ પ્રો. બાર્નહીલ ૧૯૭૩માં મોડાસા કૉલેજમાં વાર્ષિકોત્સવ પ્રસંગે અતિથિવિશેષ તરીકે આવ્યા હતા અને તેઓ કૉલેજમાં ચાલતી વિવિધ નાટ્યપ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા આથી તેમણે મોડાસા કૉલેજ વિશે પોતાનો અભિપ્રાય ધીરુભાઈને એક પત્રમાં જણાવ્યો હતો જુઓ,** ***"તમારા દેશની મુલાકાતથી ઠીકઠીક શીખવા મળ્યું. મોડાસા અને બીજા નાનાં નગરોમાં જે આશાનો ગુણ જોવા મળ્યો તે ખાસ યાદ રહી ગયો છે. એવો ગુણ મોટાં શહેરોમાં જોવા મળતો નથી અથવા તો રોજબરોજની અસંખ્ય સમસ્યાઓ વચ્ચે ત્યાં દેખાતો નથી. પરીવર્તન શક્ય છે એવી શ્રધ્ધા, આશા કે નૂતન મહત્વાકાંક્ષાનો આ ગુણ બધા વિદ્યાર્થીઓના અધ્યયન-અનુભવનું એક અંગ બને તો***

*એવું ખરેખર સામાજિક પરિવર્તન આવે કે તે દુનિયા આખીને બદલી નાખે." (સ્મરણમાધુરી પૃ-૧૮૫)* આ પ્રકારના પત્રના મર્મ પરથી આપણને ખ્યાલ આવશે કે મોડાસા કૉલેજના વિકાસમાં ધીરુભાઈનું શું પ્રદાન હતું. આથી જ જયારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કેન્દ્ર નક્કી કરવાનું થયું ત્યારે મોડાસા કૉલેજનું નામ ચર્ચામાં હતું પરંતુ કેટલાક રાજકીય કારણોસર તે થઈ શક્યું ન હતું. સરકારે આ માટે વી.વી. જ્હોન સમિતિ નીમી હતી અને આ સમિતિએ ૮ જાન્યુઆરી ૧૯૭૪ ના દિવસે મોડાસા કૉલેજ કેમ્પસની મુલાકાત લીધી હતી. પ્રો વી.વી. જહોને મોડાસા કૉલેજ કેમ્પસ વિશે નોંધતા કહ્યું હતું તે જુઓ, *"હું દ્રઢપણે માનું છું કે ભારતમાં ઉચ્ચ શિક્ષણનું ભાવિ નૂતન કાર્યક્રમો અપનાવવાનું સાહસ કરતી નાની કૉલેજો પર અવલંબે છે. આ સંસ્થા તે ભાવિદર્શનના અંગરૂપ છે એવી છાપ મારા પર પડી છે." (સ્મરમાધુરી પૃ-૧૮૭)* આમ, આચાર્ય ધીરુભાઈ ઠાકરે મોડાસા કૉલેજ કેમ્પસનો જે વિકાસ સાધ્યો હતો તે શિક્ષણના ક્ષેત્રે ઐતિહાસિક દ્રષ્ટિએ પણ અવિસ્મરણીય રહેશે. છેલ્લે પોતાની આચાર્ય તરીકેની અઢાર વર્ષની કારકિર્દી દરમિયાન ૧૯૭૮ ની જૂનની ૩૦મી તારીખે મોડાસા કૉલેજમાંથી નિવૃત્ત થયા હતાં.

સામાન્ય રીતે મોટા ભાગે એવું જોવા મળે છે કે એક અધ્યાપક નિવૃત્તિ પછી આરામદાયક જીવન તેમજ પોતાના કૂટુંબ સાથે સમય પસાર કરવાનું વિચારતો હોય છે અને શાંતિથી સરકાર તરફથી પેન્શન મેળવતા હોય છે. સાંપ્રત સમયમાં મોટા ભાગના શિક્ષકો આવું જ કરતાં હોય છે. પરંતુ ઠાકરસાહેબ તેમાં કદાચ અપવાદરૂપ હોય શકે કહો કે આરામ તેમના જીવનમાં ન હતો. જીવન અને કારકિર્દીના ઉત્તરાર્ધે તેમણે એક નવું આરોહણ કર્યું હતું તે ગુજરાતી ભાષાના વિશ્વકોશના મુખ્ય સંપાદક તરીકેની. જે કામ કરતાં સાહિત્ય સંઘો, વિદ્યાપીઠો, સાહિત્ય સંસ્થાઓ કે યુનિવર્સિટીઓ

પાછી પડે. પરંતુ ધીરુભાઈએ જીવનની ઢળતી સંધ્યાએ વિવિધ વિષય નિષ્ણાતોનો સહકાર મેળવી વિશ્વકોશ તૈયાર કરવાનો પડકાર ઝીલી લીધ્યો પરિણામે ૨ ડિસેમ્બર ૧૯૮૫ માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી. ત્યારપછી સન ૧૯૮૫થી અવસાનપર્યંતના ત્રણ દાયકા જેટલો સમય તેમણે વિશ્વકોશના સંપાદનમાં અને વિશ્વકોશભવનના નિર્માણમાં અર્પયા હતાં અને તે પણ હ્રદના બે વાર હુમલાનો ભોગ બનવું, આતરડાનું ઓપરેશન, પત્ની ધનગૌરીબહેનની પગની બીમારીથી પથારીવશ થવું, સંતાનો પરદેશ હોવા, ઘર કામમાં કોઈ નોકર ન મળવો આથી ઠાકર સાહેબ દ્વારા જ ઘરનું બધું કામ પતાવવું. આ બધી પરિસ્થિતિનો સામનો કરી વિશ્વકોશમાં સમયસર જઈને તન, મન, ધનથી તેમણે વિશ્વકોશનું કામ પાર પાડ્યું હતું. તેના પરિણામે સન ૧૯૮૭-૨૦૦૯ સુધીમાં ગુજરાતી વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથોનું સંપાદન-પ્રકાશન સુલભ કરી આપ્યા હતાં. દરેક દિવસે નવા જ્ઞાનની ઉત્ક્રાંતિ થતી હોય ત્યારે તેમાં ગુજરાતી પ્રજા કઈ રીતે પાછળ રહે ? દરેક રાજ્યને પોતાની માતૃભાષામાં વિશ્વકોશ છે જયારે ગુજરાતને પોતાનો આગવો કહી શકાય તેવો કોઈ વિશ્વકોશ ન હતો. ત્યારે પાકટ વયે આચાર્ય ધીરુભાઈ ઠાકરે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ તૈયાર કરી આપી ગુજરાતી પ્રજા માટે જ્ઞાનના અનેક દ્વાર ખોલી આપ્યા છે. આથી ગુજરાતની તમામ પ્રજા ધીરુભાઈ ઠાકરની હંમેશા ઋણી રહેશે એ આપણે યાદ રાખવું જોઈએ.

ટૂંકમાં ઠાકરસાહેબના જીવનને આપણે ત્રણ-ત્રણ તબકામાં વહેંચી શકીએ સન ૧૯૪૧-૧૯૬૦ સુધી અમદાવાદની સરકારી ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે, સન ૧૯૬૦-૧૯૭૮ માં મોડાસા કૉલેજના સ્થાપક આચાર્ય અને સન ૧૯૮૫-૨૦૦૯ સુધી વિશ્વકોશના સંપાદક અને વિશ્વકોશભવનના નિર્માણમાં અર્પયા હતાં. શિક્ષક કભી

સાધારણ નહીં હોતા એ ચાણક્ય સૂત્રને જો કોઈએ સાર્થક કરી આપ્યું હોય તો તે ઠાકરસાહેબ છે. એક શિક્ષક ધારે તો શું કરી શકે તેનું જો ઉત્તમ દ્રષ્ટાંત હોય તો તે ધીરુભાઈ છે. ગુજરાતી સાહિત્યમાં પ્રવીણ દરજી, મણિલાલ હ પટેલ અને જયદેવ શુક્લ જેવા સાહિત્યકારો તૈયાર કરવાનું માન પણ ઠાકરસાહેબને જાય છે. પરંતુ સાંપ્રત સમયમાં પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં જે શિક્ષકો કાર્યરત છે તેમાંથી કેટલાં આચાર્ય ધીરુભાઈ ઠાકરને ઓળખતા હશે ? કેટલાં શિક્ષકો સરકારી નોકરી છોડી સેલ્ફ ફાયનાન્સમાં નોકરી કરવાનું પસંદ કરશે ? લેખના અંતમાં હું એટલું જ કહેવા માંગુ છું કે આજે સરકારી, અનુદાનિત કે બિન અનુદાનિત શાળા- મહાશાળાઓમાં જે આચાર્ય તરીકે ફરજ બજાવે છે તેઓ મોટા ભાગે એવું કહેતા હોય છે કે તેમના પર વહીવટી જવાબદારીઓ વધારે હોય છે આથી વર્ગખંડમાં જવાનું ઓછું પસંદ કરે છે અને અધ્યાપન કાર્યથી વિમુખ બનતાં જાય છે તેમને તેમજ આચાર્ય, શિક્ષકો અને શિક્ષણક્ષેત્રે કાર્યરત કોઈપણ વ્યક્તિને ધીરુભાઈ ઠાકરે શિક્ષણના ક્ષેત્રે કરેલું પ્રદાન અવશ્ય પ્રેરણારૂપ બને તેમ છે.

# નાટક દ્વારા શિક્ષણ ધીરુભાઈ ઠાકર

-કનુ પરમાર

ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે સંપાદક, વિવેચક, ચરિત્રકાર, નિબંધકાર, અનુવાદક, નાટ્યકાર અને ગુજરાતી સાહિત્યના ઇતિહાસના આલેખક એવા ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં અનોખુ પ્રદાન રહ્યું છે. જન્મ ૨૭ જૂન ૧૯૧૮, અવસાન ૨૪ જાન્યુઆરી ૨૦૧૪. આશરે ૯૬ વર્ષ જેટલું દીર્ઘ આયુષ્ય ધરાવનાર ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ: સાહિત્યસાધના(૧૯૫૬, ૨૦૦૫), રસ અને રુચિ(૧૯૬૩), સાંપ્રત સાહિત્ય(૧૯૬૮), પ્રતિભાવ(૧૯૭૨), વિભાવિતમ(૧૯૮૩), મણિલાલ નભુભાઈ(૧૯૮૦), મણિલાલ દ્વિવેદી(૧૯૮૩), નાટ્યકળા(૧૯૮૫), રંગમાધુરી(૨૦૦૦), શબ્દ અને સંસ્કૃતિ(૨૦૦૨), શબ્દનું સખ્ય(૨૦૦૭), કેટલાક સાહિત્યિક વિવાદો(૨૦૧૧) તેમજ ગાંધીજી અને પાંચ સાક્ષરો(૨૦૧૨) એમ બાર જેટલા વિવેચન સંગ્રહો, ગુજરાતી સાહિત્યની વિકાસરેખાના ૧ થી ૫ ભાગ(૨૦૦૫-૨૦૧૧) ઊંચો પર્વત, ઊંડી ખીણ(૧૯૯૩), બે બાળનાટકો(૧૯૯૮)એમ બે નાટકો, પરંપરા અને પ્રગતિ(૧૯૮૦), સ્મરણમાધુરી(૧૯૯૧) જીવનચરિત્રને લગતા પુસ્તકો. સફર સો દિવસની(૧૯૭૭), સફરમાધુરી(૨૦૦૪) પ્રવાસ વર્ણનને લગતા પુસ્તકો, સુદર્શન અને પ્રિયંવદા(૧૯૬૬), જ્ઞાનસુધા, સમાલોચક (૧૯૮૮),ની સૂચિ, સત્યની મુખોમુખ(૨૦૧૦) અનુવાદ, સાત જેટલા નિબંધ સંગ્રહો તેમજ સત્તાવીસ જેટલા સંપાદનો કરેલા છે. સાહિત્યમાં અનેકવિધ ક્ષેત્રોમાં કરેલા ખેડાણને કારણે ધીરુભાઈ ઠાકરનું નામ ગુજરાતી સાહિત્યમાં અવિસ્મરણીય રહેશે. પણ મારે અહીં વાત કરવી છે તેમના નાટ્યશિક્ષણ વિષયક વિચારોની. ધીરુભાઈ ઠાકર ખાસ કરીને નાટ્યસર્જક, નાટ્યવિવેચક, નાટ્યવિવેચન સંપાદક, નાટ્ય દિગ્દર્શક, નાટ્યતાલીમ શિબિરના સંચાલક અને નાટ્ય શિબિરના સંયોજક તરીકે વિશેષ જાણીતા છે. નાટકના માધ્યમથી શિક્ષણ આપવાથી બાળકોમાં કયા હકારાત્મક ગુણોનો વિકાસ થાય છે તે વિશે વાત કરતાં પહેલા ધીરુભાઈએ નાટ્યક્ષેત્રે કરેલા પ્રદાનને ટૂંકમાં જોઈએ.

ગુજરાત કૉલેજમાં નાટ્યસંગીત મંડળને ઉપક્રમે વિવિધ નાટકો ભજવાયા હતા. તેમાં જયન્તિ દલાલ, ચંદ્રવદન મહેતા, યશવંત પંડ્યા જેવા નાટ્યકારોએ નાટકોનું દિગ્દર્શન કરેલું અને નાટકીય પ્રવૃતિને વેગ આપ્યો હતો. આ અરસામાં ગુજરાતી રંગભૂમિને વ્યવસાયી બંધનમાંથી છોડાવવાના પ્રયત્નો થયા હતા. નાટ્યસંગીત મંડળની પ્રવૃતિ બંધ થઈ ત્યાં સુધી ૧૯૩૫-૩૬ સુધી અવિરતપણે આ મંડળના ઉપક્રમે નાટકો ભજવાયેલા. ધીરુભાઈ ઠાકરે ૧૯૪૦માં રવિન્દ્રનાથનાં કાવ્યો ઉપરથી 'લાલનો ગુલામ' તેમજ 'ઉપાનપુરાણ' ગુજરાતીમાં અનુવાદ કરીને ચિલ્ડ્રન્સ એકેડેમીમાં બાળકો પાસે મુંબઈના રૉયલ ઑપેરા હાઉસમાં ભજવાવ્યા હતા. ત્યાર બાદ ૧૯૪૧ માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક થયા ત્યારથી ૧૯૪૩થી ૧૯૬૦ સુધી નાટ્યસંગીતમંડળને ઉપક્રમે તેમણે અનેક નાટકો ભજવાયેલાં. સન ૧૯૪૪ માં ધીરુભાઈ ઠાકર અને તેમના મિત્રોએ સાથે મળીને અમદાવાદમાં 'રૂપકસંઘ' નામની નાટ્યસંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાના ઉપક્રમે તેમણે 'શાહજહાં', 'સોયનું નાકું', 'અવતરણ', 'બરી ધ ડેડ', 'અવિભક્ત આત્મા', 'શંબરકન્યા', 'લોપામુદ્રા' જેવા નાટકોનું દિગ્દર્શન કર્યું હતું. સન ૧૯૪૬ માં 'રૂપકસંઘ' નામની નાટ્યસંસ્થાના ઉપક્રમે તેમણે 'જયા-જયંત'નાટકનું દિગ્દર્શન કર્યું હતું. સન ૧૯૫૫ માં ભારત સરકાર યુવક કલ્યાણ વિભાગે સિમલા નજીક સુબાથુ હિલ પર નાટ્ય તાલીમ શિબિર યોજી હતી. તેમાં ધીરુભાઈ ઠાકર ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ગયા હતા. અહીં તેઓ એક માસ સુધી નાટ્ય તાલિમશિબિરમાં રહ્યા હતા. આ શિબિરમાં નાટ્ય તાલીમના પ્રયોગ તરીકે શેક્સપિયરનું 'જુલિયસ સીઝર' નાટક ભજવાવ્યું હતું અને તેમાં ધીરુભાઈ ઠાકરે જુલિયસ સીઝરની ભૂમિકા ભજવી હતી. આ શિબિરનો મુખ્ય હેતુ યુનિવર્સિટી કક્ષાએ નાટ્ય તાલિમશિબિરો યોજાય તે હતો. ધીરુભાઈ ઠાકરે ૧૯૫૬ માં પોરબંદરમાં આવી નાટ્ય તાલીમશિબિર ચલાવેલી. સન ૧૯૬૮ માં ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે માઉન્ટ આબુ પર અધ્યાપકો માટે નાટ્ય તાલીમ શિબિર યોજાઈ હતી અને તેનું સંચાલન ધીરુભાઈ ઠાકરે કર્યું હતું. ત્યારબાદ સુરતની એમ.ટી.બી.કૉલેજમાં અને નારગોલમાં પણ તેમણે આવી શિબિરો ચલાવેલી. આમ, ધીરુભાઈ ઠાકરે ૧૯૫૬ થી ૧૯૭૧ એમ પંદર વર્ષ સુધી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટેના નાટ્યતાલીમનું આયોજન અને સંચાલન કરતાં રહ્યા હતા. શિબિરના સંયોજક તરીકે પણ રહી ચૂક્યા હતા. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે તેઓ નાટકના જીવ ખરા.

શિક્ષણ આપનારને નાટક સાથે શો સંબંધ ? કે સાહિત્ય રચનારને નાટક સાથે શો સંબંધ ? એવા આરંભમાં પ્રશ્ન કરીને તેઓ સાહિત્ય, શિક્ષણ અને નાટક એ ત્રણેયમાં એક સમાન તત્ત્વ સર્જકતાનું જૂએ છે. સાહિત્ય એ વ્યક્તિગત સર્જનનો, નાટ્ય સમૂહગત સર્જનનો અને શિક્ષણને તેઓ ઉભય પ્રકારનો સર્જનનો પ્રયોગ ગણે છે. આથી વિશેષ તેઓ શિક્ષણને એક સર્જનાત્મક પ્રવૃત્તિ ગણે છે. શાળા-મહાશાળામાં આવતા વિદ્યાર્થીઓમાં અનેક પ્રકારની સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે, અને શિક્ષકે તે શક્તિઓને ઓળખીને કેળવણીના માધ્યમ દ્વારા બહાર લાવવાનો પ્રયત્ન કરવાનો હોય છે. શિક્ષકે વર્ગખંડમાં માત્ર ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગુજરાતી જેવા વિષયોની માહિતી જ આપવી ત્યાં સુધી સીમિત નથી. કારણ કે આવી માહિતી તો સાંપ્રત સમયમાં અનેક દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓ પણ મેળવી શકે છે. આથી શિક્ષકે વર્ગખંડમાં માહિતીના એજન્ટ તરીકે જ વર્તવાનું નથી. પરંતુ કેળવણી દ્વારા તેનામાં યોગ્ય સદ્ગુણોનો વિકાસ કરવાનું છે. એક રીતે જોઈએ તો તેઓ શિક્ષક અને દિગ્દર્શક બંનેના કાર્યને સમાન ગણે છે. શિક્ષકે કરેલું વ્યક્તિસર્જન વાસ્તવિક જીવનમાં હંમેશા હરતુંફરતું રહે છે. દિગ્દર્શક કે નટ નિષ્ફળ જાય તો નાટક જ બગડે. શિક્ષક નિષ્ફળ જાય તો વ્યક્તિની જિંદગી બગડે એમ તેમનું માનવું છે. શિક્ષણ સાથે નાટકની પ્રવૃત્તિ કેવી ગાઢ રીતે સંકળાયેલી છે તે માટે તેઓ રણછોડરાય ઉદયરામનું ‘લલિતાદુ:ખદર્શક’, ઇબ્સનનું ‘ડોલ્સ હાઉસ’ અને મૂળજી આશારામનું ‘ભર્તુહરિ’ જેવા અનેકવિદ્ય નાટકોના દ્રષ્ટાંતો આપી આ નાટકોએ જે તે સમયે કેવો ચિરંજીવી પ્રભાવ પાડ્યો હતો, અને સામાજિક પરિવર્તનનું સાધન બન્યા હતા તેનું વિગતે નિરૂપણ ધીરુભાઈએ કરી આપ્યું છે. આથી તેમનું માનવું છે કે નાટકનો, “શિક્ષણમાં વિવેકપુર:સર ઉપયોગ કરવામાં આવે તો તે બહુ જ સારું માધ્યમ બની શકે.”[૧] એવું કહી તેઓ પ્રાથમિક શિક્ષણમાં નાટકને વિશેષ સ્થાન આપી બાળરંગભૂમિનો ઉપયોગ શુદ્ધ શિક્ષણના સાધન તરીકે કરવો અનિવાર્ય ગણે છે. કારણ કે પ્રાથમિક શાળામાં અનેક વિષયો એવા હોય છે કે જેનું નાટક દ્વારા અધ્યાપન કાર્ય કરી શકાય છે. બાળક સમક્ષ ઈતિહાસની વાત કહેવાને બદલે ઈતિહાસનો પ્રસંગ ભજવાવો તો તે જલ્દીથી યાદ રહી જાય છે. નાટક દ્વારા શિક્ષણ આપવાથી બે લાભ થાય છે. એક તો બાળકને અભિવ્યક્તિની મોકળાશ મળે છે, બીજું માહિતીની ગોખણપટ્ટી કરાવવાને બદલે નાટકના માધ્યમ દ્વારા આપવામાં આવે તો બાળકના ચિત્તમાં એકરસ થઈ જાય છે એમ તેમનું માનવું છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં નૂતન બાળશિક્ષણના પ્રણેતા

ગિજુભાઈ બધેકાએ પોતાની સંસ્થાઓમાં શિક્ષણના સાધન તરીકે નાટ્યપ્રવૃત્તિને સારો એવો વેગ આપ્યો હતો.

નાટકને તેઓ ચિત્તની એકાગ્રતા સાધવાની પ્રવૃત્તિ ગણે છે. આથી તેઓ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં નાટકને પૂરક પ્રવૃત્તિ તરીકે અનિવાર્ય ગણે છે. સાથે તેમનું માનવું છે કે નાટકની તાલીમ લેવાથી બધા જ અભિનેતા કે દિગ્દર્શક બની જતાં નથી, પરંતુ વ્યક્તિત્વના ઘડતરમાં નાટ્યશિક્ષણ ખપમાં આવી શકે છે. સાંપ્રત સમયમાં આપણે જોઈ શકીએ છીએ કે એમ.એ, બી.એડ્ થયેલો વિદ્યાર્થી પણ નોકરીના ઇન્ટરવ્યુ માટે જાય છે ત્યારે સામે બેઠેલા માણસો સવાલો પૂછવા લાગે અને આપણા પગ ધ્રૂજવા લાગે છે. આવડતું હોવા છતાં ભૂલી જવાય એવું પણ બનતું હોય છે. આ સમયે તેઓએ જો નાટકની થોડી પણ તાલીમ લીધી હશે તો તમે પોતાના વક્તવ્યને ધારદાર રીતે રજૂ કરી શકશો. આ સંદર્ભમાં ગ્રેન્વિલ બાર્કરનું વિધાન નોંધવા જેવું છે કે tસeaţ e i tસe temple of ˙ peeશ્ર કહો કે રંગશાળા વાણીનું મંદિર છે. આથી જ ધીરુભાઈનું માનવું છે કે, "નાટકની તાલીમથી આત્મશ્રદ્ધા સાથે વિચાર, વર્તન ને વાણીની શિસ્ત આવે છે."[૨] આગળ તેઓ શિક્ષણની સાથે નાટ્યપ્રવૃત્તિના સંબંધની ચર્ચા છેડતા તેમનું માનવું છે કે અભ્યાસક્રમમાં કોઈ પણ નાટકનો સમાવેશ થયો હોય તો શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે તેનું વાચન કે અભિનય કરાવવો જોઈએ. જેથી નાટકનો મર્મ વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે. આને પણ તેઓ શિક્ષણની જ એક પદ્ધતિ માને છે. પરંતુ સાંપ્રત સમયમાં કેટલા શિક્ષકો આ પદ્ધતિનો ઉપયોગ કરતાં હશે ? એવો પ્રશ્ન કરી આજની શિક્ષણ પ્રણાલી સંદર્ભે પોતાનો આક્રોશ પણ વ્યક્ત કરે છે. આ ઉપરાંત તેમનું માનવું છે કે, "શિક્ષણમાં પ્રવૃત્તિ તરીકે નાટકને અપનાવીએ ત્યારે શિક્ષણ મુખ્ય છે ને નાટક ગૌણ છે, શિક્ષણ-સંસ્કારઘડતર સાધ્ય છે ને નાટક સાધન છે."[3] એ બાબતને સતત નજર સમક્ષ રાખવાનું તેઓ કહે છે. શાળા-મહાશાળામાં નાટકની પ્રવૃત્તિ હાથ ધરતી વખતે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે તે માત્ર મનોરંજનનું સાધન ન બની રહેવું જોઈએ. આથી શિક્ષણમાં નાટકનો વિનિયોગ એક સંસ્કારપ્રવૃત્તિ તરીકે થાય તો જ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો વિધાયક વિકાસ કરી શકાશે એમ તેમનું માનવું છે.

સાંપ્રત સમયમાં શાળા-મહાશાળામાં શિસ્તનો પ્રશ્ન બહુ મોટો છે. વિદ્યાર્થીઓ યોગ્ય માર્ગદર્શનને અભાવે અવળે રસ્તે ચડી જાય છે. પરંતુ શાળા-મહાશાળાઓમાં નાટ્યપ્રવૃત્તિ હાથ ધરવાથી આ સમસ્યાનું નિરાકરણ કરી શકાય તેમ છે. આથી તેઓ કહે છે કે, "નાટક શિસ્તની, વ્યવસ્થાની કળા છે. સ્ફૂર્તિ, સંયમ, સ્વસ્થતા અને નિયમિતતા જેવા ગુણો નાટકની તાલીમથી કેળવાય છે. શિક્ષણનું કામ અભિવ્યક્તિ માટે તેને મુક્તતા આપવી તે છે. તે કામ શિક્ષણમાં ચાલતી નાટ્યપ્રવૃત્તિ દ્વારા સારી રીતે સધાય છે."[૪] આ પ્રકારનું વિધાન કર્યા પછી તેઓ પોતે ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત હતા ત્યારે તેમણે વિદ્યાર્થીઓ પાસે અનેક નાટકો ભજવાવ્યા હતા. આ સમય દરમિયાન નાટકનું રિયાઝ ચાલે ત્યારે દુષ્યંત નામનો છોકરો અંદર આવી જતો અને તોફાન કરીને બધાને પજવતો. ત્યારે ધીરુભાઈએ તે તોફાની છોકરાને પોતાના વિશ્વાસમાં લઈને નાટકમાં એક નાનકડો રોલ કરવા આપ્યો, અને તેણે તે થોડા દિવસની તાલીમ લઈને એવો તો ઉત્તમ અભિનય કર્યો કે તેને બીજું ઈનામ મળ્યું હતું. આ બનાવથી દુષ્યંતને પોતાના જીવનની એક નવી દિશા મળી ગઈ હતી. આ પ્રસંગ પરથી આપણને ખ્યાલ આવે છે કે નાટ્યશિક્ષણથી ઘણી વાર શિસ્તના પ્રશ્નો પણ ઉકલી જતાં હોય છે.

આ ઉપરાંત નાટ્યશિક્ષણ વિષયક સુંદર ચર્ચા કરતું ધીરુભાઈનું પુસ્તક 'નાટ્યતાલીમના નેપથ્યે' છે. જેમાં શિક્ષણના કાર્યને સંગીન અને સફળ બનાવવા નાટ્યશિક્ષણ પ્રવૃત્તિ કેવી ઉપકારક બની શકે છે તેની ઝીણવટભરી સમીક્ષા કરી આપી છે. વળી યુનિવર્સિટીઓમાં નાટકનું પ્રશિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ, કેવા પ્રકારના નાટકો ત્યાં ભજવાવા જોઈએ, એકેડેમીક થિયેટર પ્રોફેશનલ થિયેટરને કેવી રીતે માર્ગદર્શન આપી શકે તેની માર્મિક છણાવટ 'યુનિવર્સિટી થિયેટર' (પ્રતિભાવ-૧૯૭૨) એ લેખમાં તેઓએ કરી આપી છે. આ ચર્ચા તો એટલી સુંદર છે કે યુનિવર્સિટી કક્ષાએ નાટ્યશિક્ષણ આપવા ઇચ્છતી કોઈ પણ શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શકરૂપ બની શકે તેમ છે. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે ધીરુભાઈ ઠાકર નાટ્યશિક્ષણ વિશે સતત ચિંતિત રહ્યા છે.

લેખના અંતમાં હું એટલું જ કહેવા માંગુ છું કે સાંપ્રત સમયમાં પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણમાં કેટલા શિક્ષકો વર્ગખંડમાં વિદ્યાર્થીઓને નાટ્યપ્રવૃત્તિ દ્વારા અધ્યાપન કાર્ય કરાવતા હશે એ આજે પ્રશ્ન છે. ખેર, વર્ગખંડની વાત છોડો. હું મારો અંગત અનુભવ કહું. મારો જન્મ મહીસાગર

જિલ્લાના થાણાસાવલી ગામમાં થયો હતો. મારું પ્રાથમિક અને હાઈસ્કૂલનું શિક્ષણ થાણાસાવલી ગામની સ્કૂલમાંથી લીધ્યું હતું. મારા અભ્યાસકાળ દરમિયાન શિક્ષકોએ એક પણ નાટક પોતે કે વિદ્યાર્થીઓ પાસે ભજવાવતા મે જોયું નથી. એ સમયની વાત છોડો સાંપ્રત સમયમાં પણ હું જયારે સ્વતંત્રતા દિવસ કે પ્રજાસત્તાક દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વખતે મારા ગામની શાળામાં અચૂક હાજરી આપું જ છું. ત્યારે હું જોવું છું કે 'જનગણ મન અધિનાયક' કે 'વંદે માતરમ' જેવા બે ગીતો, રાષ્ટ્રધ્વજને સલામી અને ત્યારપછી વિદ્યાર્થીઓને બે-બે પતાસા આપી દીધ્યા એટલે કાર્યક્રમ પૂરો. કોઈ પણ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિનું આયોજન જ કરતાં નથી. ત્યારે મને થાય છે કે આ શિક્ષણ કઈ દિશામાં જઈ રહ્યું છે. વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી તેને શિક્ષક, વકીલ કે ડૉક્ટર બનાવવાને બદલે તેને યોગ્ય નાગરિક બનાવવાનો છે. આ કાર્ય શિક્ષણને આપણે નાટ્યપ્રવૃત્તિ સાથે સાંકળીને આપવામાં આવે તો આ પ્રકારનો ઉદ્દેશ્ય સિદ્ધ કરવામાં આપણે ફળીભૂત થઈએ તેમ છે.

ધીરુભાઈ ઠાકર માટે નાટ્યશિક્ષણ સતત ચિંતાનો વિષય રહ્યો છે. ગુજરાતમાં વિદ્યા અને કળા એ બે બહેનો જુદી પડી ગઈ છે. એનું કારણ વિદ્યા એ શરમાળ છે અને કળા એ ઉછાંછળી છે. આથી વિદ્યાનો હાથ પકડવાની જરૂર છે અને કળાનો કાન પકડવાની જરૂર છે. આ બે બહેનો ભેગી થાય તો જ નાટક કે રંગભૂમિનો ઉત્કર્ષ થાય. આ વાત તેઓ 'સાહિત્ય, શિક્ષણ અને નાટક'(નાટ્યકળા-૧૯૮૫)એ લેખમાં સતત દોહરાવતા રહ્યા છે.